# ઉત્તર ગુજરાતમાં બેંક હડતાલથી ૧૦૦૦ કરોડનું ક્લીયરીંગ ખોરવાયું












અરવલ્લી, તા. ૨૮

યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન દ્વારા ૨૮મી ફેબ્રુઆરીએ દેશવ્યાપી બેંક એલાન હડતાલમાં ઉત્તર ગુજરાતની તમામ રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ હડતાલમાં જોડાતા તમામ બેંકો બંધ રહેતા બેંકીંગ સેવા ખોરવાઈ હતી. અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ જિલ્લામાં અંદાજે ૧૦૦૦ કરોડ રૂપિયાના વહેવારો ખોરવાઈ ગયા હતા. ઉત્તર ગુજરાતની ખાનગી અને સહકારી બેંકના કર્મચારીઓ હડતાળમાં ન જોડાતા મહદઅંશે પ્રજાજનોએ રાહત અનુભવી હતી. લગ્નસરાની સીઝનમાં બેંકો બંધ રહેતા અને બેંક હડતાલથી અજાણ પ્રજાજનોએ બેંકોના સ્થળોના ધરમધક્કા પડ્યા હતા.

ઉત્તર ગુજરાતમાં મંગળવારે રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ હડતાલમાં જોડાતા અંદાજે ૧૦૦૦ રૂ.થી વધુના બેંક વહેવારો કોરવાયા હતા. અરવલ્લી બેંક કર્મચારીઓના યુનિયનના સદસ્યના જણાવ્યા મુજબ નોટબંધીના પગલે બજારમાં હંગામી મંદી આવી છે. ખાસ કરીને બેન્કોને પારાવાર નુકશાન સહન કરવુ પડ્યુ છે. બેન્કોમાં કે એટીએમમાં કેશ નહી મળવાના કારણે પ્રજાને રોજ-બ-રોજના જીવનમાં અનેક તકલીફો વેઠવી પડે છે. આ સંજોગોમાં લોકરોષને વાચા આપવા બેંકોના યુનિયન દ્વારા અપાયેલી હડતાલના પગલે જિલ્લાની તમામ બેંકોના કર્મચારીઓ હડતાલમાં જોડાયા છે. નોટબંધીના યોગ્ય રીતે અમલ નહી થઈ શકવાના કારણે બેંક કર્મચારીઓ પર હુમલાના બનાવ પણ બન્યા હતા. કર્મચારીઓ પાસેથી નિયત સમય કરતા વધુ કામ લેવાયુ હતુ. તેમ છતાંય નોટબંધીના સમયને પહોંચી વળાયુ ન હતુ. લોકોને હજુ પણ રોકડની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. વેપાર-ધંધા-ઉદ્યોગોને પણ નુકશાન વેઠવુ પડ્યુ હતુ. આ તમામ મુશ્કેલીઓ સામે લોકરોષને વાચા આપવા બેંકોના યુનિયને હડતાલ પર જવુ પડ્યુ છે. તદ્ઉપરાંત નોટબંધી સમયે બેંક કર્મચારીઓને પારાવાર મુશ્કેલીઓમાં ત્રણ મહિના સતત કામ કર્યા છતાં બેંક કર્મચારીઓની પોતાની વિવિધ માંગણીઓ યથાવત રહેતા બેંક કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા.

ઉત્તર ગુજરાતમાં ખાનગી અને સહકારી બેંકોના કર્મચારીઓએ હડતાલથી અળગા રહેતા ઉત્તર ગુજરાત સહિત અરવલ્લી જિલ્લાની તમામ ખાનગી બેંકો અને સહકારી બેંકો ખુલ્લી રહેતા અને કામગીરી યથાવત રહેતા પ્રજાજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. અરવલ્લી જિલ્લામાં ખાનગી અને સહકારી બેંકોમાં જિલ્લાના પ્રજાજનોના નાણાંકીય વહેવાર વધુ હોવાથી હડતાલની અસર ઓછી વર્તાઈ હતી. રાષ્ટ્રીયકૃત બેંકોમાં એકાઉન્ટ ધરાવતા અને નાણાંકીય વહેવારો ધરાવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦ કરોડથી વધુના નાણાંકીય વ્યવહારો ઠપ્પ થઈ ગયા હતા.

## ઊંઝા બસ સ્ટેશન પરથી બનાવટી નોટો સાથે ત્રણ પકડાયા

ઊંઝા, તા. ૨૮

ગઈરાત્રે ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનમાંથી ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઈ ૧૦૦ના દરની ૩૬૦૦ રૂપિયાની બનાવટી નોટો, ૪૭૧૦ની રોકડ રકમ સહિત કુલ ૧૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.



વિગત એવી છે કે ગઈરાત્રે ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનમાં કેટલાક અજાણ્યા શખ્સો ૧૦૦ના દરની બનાવટી નોટો ખરી નોટો તરીકે ચલણમાં મુકવાનો પ્રયત્ન કરી રહ્યા હોવાની પોલીસને જાણ થતા પોલીસ બસ સ્ટેશનમાં પહોંચી હતી અને ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. બાદ સઘન પુછપરછ અને અંગઝડતી કરતાં તેઓની પાસેથી ૧૦૦ના દરની ૩૬૦૦ની બનાવટી નોટો, ૪૭૧૦ની રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૧૧,૫૦૦ની મત્તા મળી આવતાં કબજે કરી હતી.

આ અંગે ઊંઝા પોલીસે પ્રજાપતિ શૈલેષ રણછોડભાઈ રહે. ઝુંડાલ, તા. જી. ગાંધીનગર, સોની રણજીત સેવંતીલાલ રહે. બાલાજી બંગ્લોઝ પાટણ અને રવાબાપુ રહે. દરગાહ પાસે ઉનાવા તા. ઊંઝા વિરૂદ્ધ ભારતીય બનાવટની ખોટી નોટો છાપી ભારતીય અર્થતંત્રમાં ખરી નોટો તરીકે ચલણમાં મુકવા અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આમાં મુખ્ય સૂત્રધાર તરીકે ઉનાવાના રવાબાપુ હોવાનું પોલીસે જણાવ્યુ હતુ.

૧૦૦ના દરની પકડાયેલ બનાવટી નોટોના આરોપસર પકડાયેલ ત્રણેય શખ્સો જુદા જુદા જિલ્લાઓના છે. આ ત્રણેય શખ્સો એક બીજાના સંપર્કમાં કેવી રીતે આવ્યા ? તેઓની સાથે બીજા ઈસમો સંડોવાયેલ છે કે કેમ ? તેમજ બનાવટી નોટો પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર મનાતા રવાબાપુ ક્યારથી આ ગેરકાયદે ગંભીર પ્રકારના ગુનાહિત પ્રવૃત્તિ આચરી રહ્યા છે ? તે ઝીણવટભરી તપાસ માગી લે તેમ છે.

ઉપરોક્ત ગુનામાં પકડાયેલા રવાબાપુ ઉનાવા દરગાહ વિસ્તારમાં રહેતો હોવાનું બહાર આવ્યું છે. ત્યારે દરગાહ નજીકમાં જ છેલ્લા દોઢ વર્ષ ઉપરાંતથી ઉનાવા પોલીસ મથક કાર્યરત થવા છતાં આવી ગંભીર પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા શખ્સોની પોલીસને ખબર સુધ્ધાં પડી નથી. તે બાબત તંત્રની ફરજ પ્રત્યેની ઘોર બેદરકારી છતી થઈ હોવાનું માલુમ પડેલ છે.

## આજે મોડાસામાં માર્કસવાદીઓ દ્વારા કેરળમાં કાર્યકર્તાઓની હત્યાના વિરોધમાં રેલી યોજાશે

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે આજે બુધવારે કેરળમાં કાર્યકર્તાઓના પરિવારજનો દ્વારા થતી હત્યાના વિરોધમાં એક રેલીનું નાગરિક સેવા સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં મોડાસાના માલપુર રોડ કલ્યાણ ચોકથી એક રેલી નીકળશે જે મોડાસા ચાર રસ્તા ટાઉન હોલ ખાતે આવી ધરણા યોજી અને આ ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવશે. તા. ૧-૩-૧૭ને બુધવારના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૦૦ કલાકે કલ્યાણ ચોકમાં ૪.૩૦ કલાકે બેગા થઈ મૌન રેલી સ્વરૂપે ચાર રસ્તા ટાઉનહોલ મોડાસા પહોંચી ધરણાનો કાર્યક્રમ થશે. જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે.

## ભિલોડા તાલુકામાં રાષ્ટ્રીયકૃત બેંકોની દેશવ્યાપી હડતાલથી ગ્રાહકો પરેશાન




ભિલોડા, તા.૨૮

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાની રાષ્ટ્રીયકૃત બેંકોની દેશવ્યાપી હડતાલથી કરોડો રૂપિયાનું ક્લીયરીંગ ઠપ્પ થઈ જવા પામ્યું છે.બેંકોની રાષ્ટ્રવ્યાપી હડતાલથી ગ્રાહકો લગ્નસરાની સીઝનમાં ગ્રાહકો પરેશાન થઈ ગયા છે પરંતુ પ્રાઈવેટ અને સહકારી બેંકોના કર્મચારીઓ હડતાલથી અળગા રહ્યા હતા જેના કારણે ગ્રાહકોએ રાહતનો દમ લીધો હતો.

યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન ધ્વારા ૨૮મી ફેબ્રુઆરીએ દેશવ્યાપી બેંક બંધ એલાન હડતાલમાં રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ જોડાતાં બેંકીંગ સેવા ખોરવાઈ હતી.રાષ્ટ્રીયકૃત બેંકોની હડતાલને કારણે પ્રજાજનોને ધરમધક્કા ખાવા પડ્યા હતા.નોટબંધીના કારણે વેપાર,ધંધા ઠપ્પ થઈ જતાં બજારોમાં હંગામી મંદી આવી ગઈ છે.રાષ્ટ્રીયકૃત બેંક કે એ.ટી.એમ.માં નાણા ના મળવાના કારણે ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે.સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં કરોડો રૂપિયાનું ટ્રાન્ઝેક્શન ઠપ્પ થઈ જતાં નાના-મોટા વેપારીઓ ભારે મુઝવણમાં મુંકાયા હતા.

## ખેડ-તસિયાના બિસ્માર રોડથી અનેક ગામોની પ્રજાને હાલાકી

મોડાસા, તા. ૨૮

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓમાં ગ્રામીણ રસ્તાઓ પરત્વે સત્તાવાળાઓની ઉદાસીનતાથી લોકો પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે. વારંવારની સ્થાનિક ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ સમક્ષ રજુઆત છતાં આવા અનેક લોકપ્રશ્નો વણઉકલ્યા રહેતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મોટા કોટડાના સ્થાનિક રહીશ કેશુભાઈ પટેલે જણાવ્યુ કે આ વિસ્તારમાં એક વર્ષ પહેલા હિંમતનગર તરફથી આવતા રસ્તો મોટા કોટડાની હદ સુધી થયો પણ મોટા કોટડાની હદ પછી તસિયા તરફ જતો રસ્તો બિસ્માર હોઈ લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

એટલું જ નહી પણ ગાંઠીયોલ જેવા માર્ગે ખૂબ જ ટ્રાફીક રહેતો હોવા છતાં ધ્યાન નહિ અપાતા અને ગ્રામીણ રસ્તાઓ તરફ સ્થાનિક પંચાયત માર્ગ મકાન વિભાગ જે સ્ટેટ સત્તાવાળા પણ ધ્યાન નહિ આપતા છે કે સ્થાનિક ધારાસભ્યોનું પણ લોકહિતના આ સાર્વજનિક રસ્તાઓ પરત્વે ધ્યાન દારીને સ્થાનિક આગેવાનોએ રજૂઆત કરવા છતાં બિસ્માર રસ્તા તરફ ઉદાસીનતા લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. તેમ પણ કેશુભાઈએ જણાવ્યુ હતુ. મોટા કોટડાથી તસિયા તરફના બિસ્માર માર્ગ વહેલી તકે કરી અપાય તેમ જનતા ઈચ્છે છે.



શામળાજી પાસે રંગપુર આશાપુરા નવયુવક મંડળ આયોજિત ક્રિકેટ ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં વિજેતા ટિમને ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીના હસ્તે ટ્રોફી એનાયત કરાઈ હતી.

## પ્રાંતિજ ખાતે શ્રી મહાકાલી માતાજીના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તો ભવ્ય શોભાયાત્રા નિકળી

### શોભાયાત્રા માર્ગ પર અબીલ-ગુલાલ સહિત ફૂલોનો વરસાદ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શ્રી મહાકાલી માતાજીનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઇ રહ્યો છે જેમાં બીજા દિવસે પ્રાંતિજ બજારમાં ભવ્ય શોભાયાત્રા નિકળી હતી.




પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન ખાતે આવેલ શ્રી રાંદલ મહાકાલી મંદિર ખાતે મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બીજા દિવસે પ્રાંતિજ ખાતે શ્રી સંતોષીમાતાજીની મૂતિ, શ્રી ગણેશજી ની મૂતિ અને શ્રી બટુક ભૈરવજીની મૂતિ અને શ્રી ગાયત્રી માતાજીની મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી જયારે શોભાયાત્રાના માર્ગ ઉપર ઠેર ઠેર અબીલ-ગુલાલ પુષ્પોનો વરસાદ થયો હતો અને શોભાયાત્રા પ્રાંતિજ મહાકાલી માતાના મંદિરેથી નિકળી હનુમાન ચોક, સોનીવાડાના નાકા, દેસાઈની પોળ, ગુર્જરની પોળ, બજારચોક, હુમ્મડ કુવા, લાલદરવાજા, ખોડીયારકુવા થઈ મહાકાળી મંદિરે પરત ફરી હતી. પ્રાંતિજ ગામ સહિત આજુબાજુના ગામોના ધર્મપ્રેમી ભાઈ-બહેનો સહિત આગેવાનો, અગ્રણીઓ લોકો મોટી સંખ્યામાં જોડાયાં હતા. જયારે ત્રિદિવસીય કાર્યક્રમમાં હવન, ભજન, સમૂહ આરતી, શોભાયાત્રા સહિત મહાપ્રસાદનો લાભ લઈને હજારો માઈ ભકતો ધન્યતા અનુભવશે.

## આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માની એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર યોજાઈ



ખેડબ્રહ્મા, તા. ૨૮

ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા દ્વારા એન.એસ.એસ. વિભાગની વાર્ષિક શિબિર ખેડબ્રહ્માના તાંદલિયા કંપા ખાતે તા. ૨૦-૨-૧૭થી તા. ૨૬-૨-૧૭ દરમિયાન યોજાઈ ગઈ. તા. ૨૧-૨-૧૭ના રોજ ઉદ્‌ઘાટન સમારોહમાં તાંદલિયા કંપાના આગેવાનો, કોલેજ મંડળના સંચાલકો, કોલેજનો સમગ્ર સ્ટાફ તેમજ શિબિરાર્થી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિર દરમિયાન પ્રભાતફેરી, યોગાસન, બૌદ્ધિક વ્યાખ્યાન, રેલી, પ્રદર્શન, બાળ સુરક્ષા, અંધશ્રદ્ધા નિવારણ, ફાયર રેસ્ક્યુ, વ્યસન જાગૃતિ, બ્યુટી પાર્લરની તાલીમ, સામાજિક જાગૃતિ અંગે નાટક શો, સાક્ષરતા અને પર્યાવરણ જાળવણી વિશે ફિલ્મ નિદર્શન, કેશલેસ સિસ્ટમ, ડીઝીટલ ઈન્ડિયા, કુદરતી નિસર્ગોપચાર અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ શિબિરમાં એન.એસ.એસ. વિભાગના ૧૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. તા. ૨૫-૨-૧૭ના રોજ શિબિરનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમગ્ર શિબિરનું સંચાલન કોલેજના પ્રિન્સિપાલ એન.ડી. પટેલના માર્ગદર્શનમાં એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. એમ. કે. ખેર, પ્રા. ડૉ. હેમંત સુથાર, પ્રાત શક્તિસિંહ સોલંકી અને વનરાજ અસારી દ્વારા કરવામાં આવ્યું હતું.

## દાંતીવાડા ખાતે કૃષિ યુનિ. દ્વારા કિસાન ગોષ્ઠી કાર્યક્રમની ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૨૮

કૃષિવનીકરણ સંશોધન કેન્દ્ર, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ અમીરગઢ તાલુકાના વગદડી મુકામે ડામોર ક્રિષ્નાભાઈ ભૂતાભાઈના ખેતરે કૃષી યુનિ.ના ઉપકુલપતિ અશોક પટેલના અધ્યક્ષસ્થાને કિસાન ગોષ્ઠી કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડીન એમ. આર. પ્રજાપતિ, તથા સારી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાદરડીના ખેડૂતો દ્વારા ખેડવા જળાશયમાંથી પાણી માટે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા તાલુકાના પાદરડી ગામના ખેડૂતોને સિંચાઈ માટે પુરતુ પાણી ન મળવાથી ખેડવા જળાશયમાંથી પાણી મેળવવા ખેડવાના કમાન્ડ એરીયામાં સમાવેશ કરવા માટે સોમવારે ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



ખેડબ્રહ્મા તાલુકાનું પાદરડી ગામ હરણાવ નદીના કાંઠે આવેલુ છે. અને વર્ષોથી હરણાવ નદી બારે માસ વહેતી હતી જેનાથી પાદરડીના ખેડૂતો દ્વારા સિંચાઈ કરી આજીવીકા મેળવવામાં આવતી હતી. પરંતુ થોડા વર્ષો અગાઉ હરણાવ નદી ઉપર વણજ અને ખેડવા એમ બે બંધ બનાવવામાં આવ્યા છે. જેનાથી હરણાવ નદી બારે માસ વહેવાની બંધ થઈ ગઈ છે. જેથી પાદરડી આજુબાજુનો વિસ્તાર બિનપિયત થઈ ગયો છે. જેને લઈ દર વર્ષે જાન્યુઆરીમાં જ પાણીની સમસ્યા થઈ જાય છે.

પાદરડી ગામના સરપંચ ભરતભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, મનુભાઈ પટેલના જણાવ્યા અનુસાર સરકારે પાણીનો વિસ્તાર ૨૫૦૦ હેક્ટર કમાન્ડનો કરી ખેડવા ડેમ બનાવવામાં આવેલ છે. જયારે હાલમાં ખેડવા ડેમ દ્વારા પિયત વિસ્તાર ૨૧૦૦ હેક્ટરને આવરે છે અને પાદરડીનો ખેતી વિષયક જમીનો માત્ર ૨૦૦ હેક્ટર હોઈ સદર ડેમનું પાણીના કમાન્ડ વિસ્તારમાં પાદરડીનો વિસ્તાર સમાવેશ કરવામાં આવે તો પાણીની સમસ્યા હલ થાય તેમ છે.

પાદરડીના ખેડૂતોએ ખેડબ્રહ્મા તાલુકા પ્રાંત અધિકારી વિશાલ આર. સકસેનાને આવેદનપત્ર આપી પાદરડીના વિસ્તારને સત્વરે ખેડવા જળાશયના કમાન્ડ એરીયામાં સમાવેશ કરી સત્વરે પાદરડીના પાણીની સમસ્યા હલ કરવામાં આવે અને જો સત્વરે પ્રશ્નનો નિકાલ કરવામાં નહી આવે તો પાદરડીના ખેડૂતો પરિવાર સાથે ગાંધી ચિંધ્યા માર્ગે જલદ કાર્યક્રમ આપવામાં આવશે.

## ધો. ૧૦ની બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થીઓ માટે મોબાઈલ માર્ગદર્શન

અરવલ્લી, તા. ૨૮

આ વર્ષે લેવાનાર ધો. ૧૦ની બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને અરવલ્લી જિલ્લા ગણિત-વિજ્ઞાન મંડળના ઉપક્રમે મોબાઈલ માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળના પ્રમુખ ગિરીશભાઈ પટેલ (શ્રી જે.બી. શાહ ઈ.મી. સ્કૂલ)ના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે આપેલા નંબરો ઉપર ફોન કરીને અથવા વોટ્સએપનો ઉપયોગ કરીને ત્વરીત નિરાકરણ મેળવી શકશે.

| | |
|---|---|
| ગણિત માટે - | ૯૪૨૬૩-૦૬૫૬૨, ૯૮૨૫૩-૯૨૯૮૦, ૯૮૭૯૫-૮૯૮૫૯ |
| વિજ્ઞાન માટે - | ૯૮૨૫૩-૫૩૪૮૫, ૯૪૨૮૭-૭૩૧૯૧, ૯૯૭૯૮-૬૩૩૫૧ |
| અંગ્રેજી માધ્યમ - | ૯૯૨૫૮-૫૬૧૫૬ |